APPENDIX No. 8

## Original Gujarati of Information and Instruction Before the Test Started.

(૧) તમારા ઉત્તરપત્રના પાન નંબર નીચે છાપેલા છે.

(૨) હવે તમારા ઉત્તરપત્રનું પહેલું પાનું ખોલો. આ પાન પર કસોટી-૧, કસોટી-૨ એમ એક પછી એક કસોટીઓ છાપેલી છે. અને ધ્યાન દઇને જુઓ કે એક કસોટી પૂરી થયા પછી જાડી લાઇન કરવામા આવી છે.

(૩) દરેક કસોટીમા પ્રશ્નોની સંખ્યા સરખી નથી. તમારે દરેક કસોટીમા ચાર કે આઠ પ્રશ્નોના જવાબ આપવાના હશે. તેની છપાઇ કેમ કરાઇ છે તે સમજો. જુઓ કસોટી-૧ તેમા બે કોલમો છે. દરેકમા ચાર પ્રશ્નો છે. ચાર પ્રશ્નોવાળી આવી કસોટીમા ડાબી બાજુની કોલમમા બે અને જમણી બાજુની કોલમમા બે પ્રશ્નોના જવાબો છાપેલા છે. ડાબી બાજુની કોલમમા જવાબો એક અને બે છે. જમણી બાજુની કોલમમા જવાબ ત્રણ અને ચાર છે.

હવે આઠ જવાબોવાળી કસોટીનું ઉદાહરણ લઇએ. જુઓ કસોટી-૨ તેમા ડાબી બાજુની કોલમમા જવાબ નંબર ૧ થી ૪ અને જમણી બાજુની કોલમમા જવાબ નંબર ૫ થી ૮ છાપેલા છે. બરાબર સમજાયું ?

(૪) જ્યારે કસોટી આપવાનું કાર્ય શરુ થશે ત્યારે દરેક વખતે હવે પછી કરવાની કસોટીનો નંબર બોલાશે. તો દરેક વખતે ખાત્રી કરો કે તે જ કસોટીમા તમે જવાબ આપો છો. આ બાબતમા કોઇપણ ભૂલ ન થાય માટે હવે કઇ કસોટી કરવાની છે તેનો નંબર ધ્યાન દઇને સાંભળો.

(૫) આ કસોટીમા કુલ નાની-મોટી ૩૪ કસોટીઓ છે. આ કસોટીઓના આડાઅવળા ક્રમમા અહીં છાપી છે. તમારે અહીં છાપેલા ક્રમમાજ કસોટીઓના જવાબો આપવાના છે. ઉ.ત. શરૂઆતમા કસોટી ૧ થી ૭ પાંચમા પાન સુધી છે. પાંચમું પાન ખોલો. ત્યા કસોટી-૭ પછી કસોટી-૧૨ છાપેલી છે. તમારે કસોટી-૭ પછી કસોટી-૧૨ અને તે પછી જે કસોટી આવે તે કરવાની છે.

(૬) હવે ઉત્તરપત્ર બંધ કરો. અને ટેઇપરેકર્ડર પર સૂચના સાંભળો. સાંભળવા તૈયાર ? સાંભળો.